પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૦ | ૩૦ જુન, ૨૦૨૨, ગુરૂવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આખરે ઉદ્ધવ ઠાકરેનું રાજીનામું

**સુપ્રીમ કોર્ટમાં સાડા ત્રણ કલાકની ધારદાર દલિલો બાદ રાત્રે ૯ વાગ્યે રાજ્યપાલના ફ્લોર ટેસ્ટના નિર્ણય મંજુરીની મહોર અપાતા ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપવાનું મન બનાવી લીધું હતું અને રાત્રે ૯-૩૦ વાગ્યે પ્રજાજોગ સંબોધનમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી**



મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ આજે રાત્રે ૯.૩૦ કલાકે પ્રજાજોગ સંબોધનમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. સાંજે મળેલી કેબિનેટની બેઠકમાં તેનો સ્પષ્ટ સંકેત તેમણે આપ્યો હતો. ઉદ્ધવ ઠાકરેના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં સૌ મંત્રીઓનો તથા સરકારમાં જોડાયેલા તમામ પક્ષોનો સહકાર બદલ આભાર માન્યો હતો. જ્યારે રાત્રે જાહેર સંબોધનમાં મહારાષ્ટ્રની જનતાનો અઢી વર્ષ ભરપૂર પ્રેમ અને સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો. તેમનું રાજીનામું શિવસેનાના નેતા અનિલ પરબ સાથે રાજ્યપાલશ્રીને મોકલી આપ્યું હતું.

આજે રાત્રે ૯ વાગ્યે સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપવાનું મન બનાવી લીધું હતું. સાડા ત્રણ કલાકની દલીલબાજીના અંતે સુપ્રીમે રાજ્યપાલના ફ્લોર ટેસ્ટના નિર્ણય મંજુરીની મહોર મારી હતી. શિવસેનાના વકીલ મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્પીકર અને નાયબ સ્પીકરની કામગીરીને અનુલક્ષીને ખૂબ ધારદાર દલીલો કરી હતી. જ્યારે રાજભવનના સરકારી વકીલ તુષાર મહેતાએ પણ રાજ્યપાલના નિર્ણયના તરફેણમાં કાયદાકીય સંદર્ભો ટાંકીને દલીલો કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ...તો આભ નહીં તૂટી પડે : સુપ્રીમમાં શિવસેના

**મહારાષ્ટ્ર સરકારના રાજકીય દાવપેંચ સુપ્રીમના દ્વારે : ધારાસભ્યોને અયોગ્ય ઠરાવવાની અસર ફ્લોર ટેસ્ટ પર ન થાય: શિંદે જૂથની ફ્લોર ટેસ્ટના બચાવમાં ધારધાર દલીલ**

નવી દિલ્હી,તા.૨૯

મહારાષ્ટ્રની રાજકીય ઉથલપાથલ વળાંક તરફ આગળ વધી રહી છે. એક તરફ ભાજપે સરકાર બનાવવાની કવાયત તેજ કરી દીધી છે તો બીજી તરફ શિંદે જૂથના ધારાસભ્યો પણ ગુવાહાટીની હોટલમાંથી નીકળી ગયા છે. આ પહેલા પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના રાજ્યપાલને પત્ર લખીને ફ્લોર ટેસ્ટની માગ કરી છે. તેઓ મંગળવારે સાંજે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને પણ મળ્યા હતા. આ સાથે જ શિવસેના ફ્લોર ટેસ્ટના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. બીજી તરફ, શિંદે જૂથ તેના સમર્થક ધારાસભ્યોને ગોવામાં શિફ્ટ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ દરમિયાન સુપ્રીમમાં બન્ને પક્ષો દ્વારા પોત-પોતાના પક્ષમાં ધારધાર દલીલો કરી રહ્યા છે.

નીરજ કિશન કૌલે કહ્યું – આ (ફ્લોર ટેસ્ટ) રાજ્યપાલના વિવેકબુદ્ધિ માટે બનાવવામાં આવેલ વિસ્તાર છે. જ્યાં સુધી રાજ્યપાલના નિર્ણયને તદ્દન અતાર્કિક અથવા દૂષિત માનવામાં ન આવે ત્યાં સુધી કોઈ હસ્તક્ષેપ થઈ શકે નહીં. એકનાથ શિંદે તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ નીરજ કિશન કૌલે દલીલ કરી હતી - સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે અયોગ્યતાની કાર્યવાહીનો ફ્લોર ટેસ્ટ પર કોઈ અસર નથી.

## બળવાખોર ધારાસભ્યોએ કામાખ્યા મંદિરમાં દર્શન કર્યા

**ટૂંકમાં જ મુંબઈ પહોંચવા એકનાથ શિંદેનો દાવો : એકનાથ શિંદેએ ૫૦ ધારાસભ્યો સાથે હોવાનો દાવો કર્યો છે તો આ મુદ્દે રાજકીય નિવેદનોનો મારો પણ ચરમસીમા પર છે**



ગુવાહાટી,તા.૨૯

શિવસેનાના બળવાખોર ધારાસભ્ય એકનાથ શિંદેએ મંગળવારે જણાવ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં મુંબઈ પહોંચી જશે. આ પહેલા આજે તેઓ ગુવાહાટીના મંદિરમાં નજર આવ્યા હતા. તેમણે આજે કેટલાક બળવાખોર ધારાસભ્યોની સાથે ગુવાહાટીમાં કામાખ્યા મંદિરમાં દર્શન કર્યા હતા. તેઓ એક સપ્તાહ કરતા પણ વધુ સમયથી આજ શહેરની એક ફાઈવ સ્ટાર હોટલમાં રોકાયા છે. તમને જણાવી દઈએ કે, બીજેપીએ કાલે જ ગવર્નર પાસે ફ્લોર ટેસ્ટની માંગણી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ૬ ઓગસ્ટે યોજાશે

**વર્તમાન ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટે પૂરો થશે નોટિફિકેશનની સાથે જ નામાંકન પ્રક્રિયા શરૂ થશે અને તે ૧૯મી જુલાઈ સુધી ચાલશે**

નવી દિલ્હી , તા.૨૯

આગામી ૬ ઓગષ્ટના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી યોજાવાની છે. વર્તમાન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુનો કાર્યકાળ આગામી ૧૦ ઓગષ્ટના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ત્યારે ૬ ઓગષ્ટના રોજ ચૂંટણીની સાથે જ તેના પરિણામ પણ બહાર પાડી દેવામાં આવશે. નોટિફિકેશનની સાથે જ નામાંકન પ્રક્રિયા શરૂ થશે અને તે ૧૯મી જુલાઈ સુધી ચાલશે.

આગામી ૬ ઓગષ્ટના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ઉપરાષ્ટ્રપતિના પદ માટેની ચૂંટણી પ્રક્રિયા ચાલશે. ત્યાર બાદ તે દિવસે જ ચૂંટણીના પરિણામો પણ જાહેર કરી દેવામાં આવશે. ૧૦ ઓગષ્ટના રોજ વર્તમાન ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુનો કાર્યકાળ પૂરો થશે અને તેના ૪ દિવસ પહેલા જ નવા ઉપરાષ્ટ્રપતિના નામની જાહેરાત કરી દેવામાં આવશે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી અનુપાતિક પ્રતિનિધિ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. તેમાં ખાસ રીતે વોટિંગ થાય છે જેને સિંગલ ટ્રાન્સફરેબલ વોટ સિસ્ટમ કહે છે. તેમાં મતદારોએ મત એક જ આપવાનો હોય છે પરંતુ તેને પોતાની પસંદના આધાર પર પ્રાથમિકતા નક્કી કરવાની હોય છે.


તેઓ બેલેટ પેપર પર ઉપસ્થિત ઉમેદવારોમાંથી પોતાની પહેલી પસંદને ૧, બીજી પસંદને ૨ અને એ જ રીતે આગળની પ્રાથમિકતા આપે છે. નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી નિવર્તમાન ઉપરાષ્ટ્રપતિની પદાવધિની સમાપ્તિના ૬૦ દિવસની અંદર કરવાની હોય છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે બંધારણના અનુચ્છેદ ૬૬ પ્રમાણે મતદાર મંડળમાં કુલ ૭૮૮ સાંસદો હોય છે. તેમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા સદસ્યો અને ૧૨ નામાંકીત સદસ્યોની સાથે-સાથે લોકસભાના ૫૪૩ સદસ્ય સામેલ થાય છે.

## બિહારમાં વીજળી પડવાથી એક જ દિવસમાં ૨૨નાં મોત

**ચોમાસામાં બિહારમાં આકાશમાંથી આફતનો વરસાદ : સીએમ નીતીશે મૃતકોના આશ્રિતોને તાત્કાલિક ૪-૪ લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપવાનો નિર્દેશ આપ્યો**

પટણા,તા.૨૯

બિહારમાં ચોમાસાની સિઝન દરમિયાન આકાશમાંથી આફતનો વરસાદ થઈ રહ્યો છે. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મંગળવારે વીજળીના કહેરથી ૨૨ લોકોના મોત થયા છે. સૌથી વધારે સારણમાં ૫ લોકોના મોત થયા છે. ભોજપુરમાં ૪ લોકોના મોત થયા છે. આ ઉપરાંત બક્સર, નવાદા, પશ્ચિમી ચંપારણ, પૂર્વી ચંપારણ, મુઝફ્ફરપુર, અરરિયા, અને બાંકા જિલ્લામાં પણ વીજળીની લપેટમાં આવવાથી લોકોના મોત થયા છે.



સારણમાં મૃતક ૫ લોકોમાં માતા-પુત્રી પણ સામેલ છે. ભોજપુર જિલ્લાના મુફસ્સિલ, ટાઉન, પીરો અને સંદેશ વિસ્તારમાં મંગળવારે વીજળીનો કહેર જોવા મળ્યો હતો. ત્યાં કુલ ૪ લોકોના વીજળીની લપેટમાં આવવાથી મોત થઈ ગયા હતા. બક્સર અને નવાદા જિલ્લામાં પણ અલગ-અલગ સ્થળો પર એક-એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

પૂર્વી ચંપારણ જિલ્લાના પલનવા, છૌડદાનો અને સુગૌલીમાં પણ મંગળવારે વીજળી પડી હતી. આ બંને જિલ્લાઓમાં ૨ બાળકો સહિત ૬ લોકોના મોત થયા હતા. મુઝફ્ફરપુર જિલ્લામાં વીજળીની લપેટમાં આવવાથી ૨ લોકોના મોત થઈ ગયા હતા. અરરિયા જિલ્લાના નરપતગંજ અને પલાસીમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. બાંકા જિલ્લાના શંભુગંજમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે મંગળવારે રાત્રે વીજળીની લપેટમાં આવનાર લોકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, તેઓ આપત્તિની આ ઘડીમાં પીડિત પરિવારોની સાથે છે. સીએમ નીતીશે બધા મૃતકોના આશ્રિતોને તાત્કાલિક ૪-૪ લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ તેમણે ખરાબ હવામાનમાં લોકોને સાવધાની રાખવાની વિનંતી કરી છે.

## કનૈયાલાલની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા



ઉદયપુર,તા.૨૯

નૂપુર શર્માનું સમર્થન કરવા બદલ મોતને ઘાટ ઉતારાયેલા ઉદયપુરના દરજી કનૈયાલાલનો મૃતદેહ આજે તેમના નિવાસસ્થાને લવાયો હતો. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ પણ કરાઈ છે. અત્યારસુધીની તપાસમાં તેમની આતંકી સંગઠન સાથે સાંઠ-ગાંઠ સામે આવી છે. બીજી તરફ, આ ઘટનાથી ઉદયપુરમાં સ્થિતિ તંગ જોવા મળી રહી છે. કનૈયાલાલની અંતિમયાત્રામાં આજે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

બીજી તરફ, મૃતકના પત્નીએ હત્યારાને ફાંસી આપવાની માગ કરતા જણાવ્યું હતું કે આજે જે કનૈયાલાલ સાથે થયું તે કાલે કોઈ બીજા સાથે પણ થઈ શકે છે.

કોઈ અનિચ્છનિય ઘટના ના બને તે માટે ઉદયપુરના કેટલાક વિસ્તારોમાં કરફ્યુ લાગુ કરી દેવાયો છે, તેમજ સમગ્ર રાજસ્થાનમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ છે. રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે બંને આરોપીઓ સામે ઝડપથી કાયદાકીય કાર્યવાહી પૂરી કરવાનું પણ આશ્વાસન આપ્યું છે.






## રૂપિયો ડોલર સામે તૂટીને ૭૮.૯૬ના રેકોર્ડ નીચલા સ્તરે

મુંબઈ,તા.૨૯

શેરબજારમાં એકતરફી વેચવાલીને પગલે ભારતીય ચલણમાં એકતરફી મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. રૂપિયો ડોલરની સામે સતત છઠ્ઠા સત્રમાં ઓલ ટાઈમ લો પર પહોંચ્યો છે.બુધવારના શરૂઆતી સેશનમાં જ ભારતીય ચલણ ડોલરની સામે ૭૮.૯૬ના ઐતિહાસિક તળિયે પહોંચ્યો છે. મંગળવારના ઓલટાઈમ લો ક્લોઝિંગ બાદ આજેપણ ૧૧ પૈસાના ઘટાડે કરન્સી ૭૮.૯૬ પર ખુલ્યો હતો.







દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

શ્રધ્ધાંજલિ



સ્વ. હિમાંશુ પી. શુક્લ

સ્વ. તા. ૩૦.૦૬.૨૦૨૦

સચિવાલય કેડરમા સ્ટેનોગ્રાફર (પી.એસ) તરીકે ફરજ બજાવતા શ્રી હિમાંશુ પી. શુક્લનું તા. ૩૦.૦૬.૨૦૨૦ના રોજ કોરોનાની કારમી થપાટે આપને વૈકુંઠવાસ થયે એક વર્ષ વીતી ગયું છે. આપની અણધારી વિદાયથી હજુ અમારૂ મન માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

રેખા હિમાંશુ શુક્લ

હાર્દ હિમાંશુ શુક્લ (પુત્ર)

સેક્ટર : ૨બી, પ્લોટ : ૩૪૭/૨, ગાંધીનગર.